નવગુજરાત સમય



# વૉક ઑફ હોપ - કાશ્મીરથી કન્યાકુમારી સુધી

■ ફોટોસ્ટોરી : વિવેક દેસાઈ

હિમાલય જોવો એ એક સપનું હોય છે ને એમાંય હિમાલયમાં પહોંચતાં જ કોઈ યોગીનો ભેટો થાય ને એનાથી પ્રાપ્ત થયેલા અગાધ જ્ઞાનના પરિણામે આંતરચેતનાનું સંપૂર્ણ રૂપાંતર થઈ જાય એ કેટલી અદ્‌ભુત વાત છે! ૬ નવેમ્બર ૧૯૪૮ના દિવસે કેરળના થિરુવનન્થપુરમમાં મુમતાઝઅલીખાનનો જન્મ. સાડા ઓગણીસ વર્ષની વયે હિમાલય પ્રત્યેના અનહદ ખેંચાણના કારણે ગૃહત્યાગ કર્યો ને પહોંચ્યા હિમાલય. બદ્રીનાથ પાસેની વ્યાસગુફામાં એક ગુરુ મળી ગયા ને એમની સાથે ઘણું ફર્યા. અગાધ જ્ઞાનની પ્રાપ્તિ થઈ. વતન પાછા આવીને સામાજિક જવાબદારીઓ અદા કરી. અનુભવોના આધારે પોતાને પ્રાપ્ત થયેલું જ્ઞાનને અનુભવને લોકો સુધી પહોંચાડવા વિશ્વભરમાં ભ્રમણ કરી રહ્યા છે. એમણે ‘સત્સંગ ફાઉન્ડેશન’ નામની ચેરિટેબલ સંસ્થાની સ્થાપના કરી છે ને તેને સંલગ્ન ઉત્તમ શિક્ષણ આપતી શાળાનું સંચાલન પણ કરે છે. ‘પીસ’ એન્ડ ‘હાર્મની’ માટે ‘માનવએકતા મિશન’ - નામે ૬૦૦૦ કિ.મી.ની યાત્રા કાશ્મીરથી કન્યાકુમારી સુધી તેઓ કરવાના છે. જાન્યુઆરી ૧૨, ૨૦૧૫થી શરૂ થતી આ યાત્રાને પૂર્ણ થતાં ૧૫ થી ૧૮ મહિના થશે. ને ૧૨ રાજ્યોમાંથી પસાર થશે. ગુજરાતમાં જુલાઈના અંતમાં પ્રવેશશે ને ૪૯ દિવસ સુધી હશે!! શ્રી એમના નામે ઓળખાતા આ અદ્‌ભુત વ્યક્તિને મળવાનો લહાવો અમદાવાદીઓને આવતા મહિને મળશે. આવતી ૨૬ ઓક્ટોબરે એમ.એમ.એ.ના હોલમાં એમનો સત્સંગ યોજાશે. ચૂકવા જેવું નથી.